RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

Happy Makar Sankranti

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 279, Dt.13-01-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ડીઝલથી ચાલતા ભારે વાહનો હટાવવા સુપ્રીમનો આદેશ



## છ મહિનામાં પર્યાવરણ પ્રદુષણ ઓથોરિટીની ભલામણોને આધારે નિતિ ઘડવા કેન્દ્ર સરકારને સુચનાઃ પ્રદુષણમુકત વાતાવરણ માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ દરેક જગ્યાએ બને તે જરૂરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સર્વોચ્ચ અદાલતે ડિઝલથી ચાલતા ભારે વાહનો તબક્કાવાર હટાવી દેવા અને બીએસ-૬ એન્જીન ધરાવતા વાહનો દાખલ કરવાનો આદેશ કર્યો છે. પર્યાવરણ પ્રદુષણ ઓથોરીટીની ભલામણોના આધારે અદાલતે કેન્દ્ર સરકારને આ સુચના આપી છે.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ અભય એસ.ઓકા તથા પંકજ મિથલની બેંચે સુનાવણી દરમ્યાન કેન્દ્રીય ભૂતલ અને પરિવહન મંત્રાલયને છ મહિનામાં નીતિ ઘડવાનો પણ આદેશ કર્યો હતો. કેન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડીયાએ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ વિરૂદ્ધ કરેલી અપીલના કેસમાં આ આદેશ કરવામાં આવ્યો હતો.

સુનાવણી દરમ્યાન પ્રદુષણ મામલે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે ટ્રકો એનસીઆરમાં દાખલ ન થાય તે માટે ડાઈવર્ઝન આપવામાં આવ્યા છે ત્યારે અદાલતે એવી ઝાટકણી કાઢી હતી કે સ્વચ્છ હવા મેળવવાનો અધિકાર માત્ર દિલ્હીવાસીઓનો નથી ડાયવર્ઝનનો અર્થ એવો થાય છે કે એનસીઆરની બહાર વસતા લોકોને સ્વચ્છહવા લેવાનો અધિકાર નથી અને તેઓને પ્રદુષણ વેઠવું પડે. સુપ્રિમ કોર્ટે એમ પણ કહ્યું કે ડિઝલના વિકલ્પમાં સીએનજી, હાઈબ્રીડ, ઈલેકટ્રીક જેવા વાહનોની શકયતા ચકાસવા સંશોધનો જારી રાખવામાં આવે. ૩૧ જુલાઈના રોજ નવી સુનાવણી કરાશે.અદાલતે સ્પષ્ટ કર્યુ હતુ કે દિલ્હી-એનસીઆર સિવાય દેશના બાકીના ભાગોમાં વસતા નાગરિકોને પણ બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ પ્રદુષણ મુક્ત વાતાવરણ મેળવવાનો મૌલિક અધિકાર છે અને તે તમામ માટે સમાનરૂપે લાગુ થવો જોઈએ.

# જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાના વાહન પર આતંકી હુમલો, સર્ચ ઓપરેશન શરૂ

## આતંકવાદીઓનું આડેધડ ફાયરિંગ, સેનાનો પણ વળતો જવાબ



**મુખ્ય સમાચાર, જમ્મુ**

જમ્મુ-કાશ્મીરમાં ફરી સેનાના પર આતંકી હુમલાની ઘટના સામે આવી છે. આતંકવાદીઓએ સેનાના વાહન પર આડેધડ ગોળીબાર કરતા સેનાએ પણ વળતો ફાયરિંગથી જવાબ આપ્યો છે, જેમાં તમામ આતંકવાદીઓ ભાગવામાં સફળ થયા છે. પૂંછ સેક્ટરમાં સેનાનું વાહન પસાર થતું હતું, આ દરમિયાન હુમલાની ઘાત લગાવીને બેઠેલા આતંકીઓએ અચાનક હુમલો કર્યો છે.

શુક્રવારે સાંજે બનેલી ઘટના બાદ સેનાએ આતંકવાદીઓને શોધવા સર્ચઓપરેશન શરૂ કર્યું છે. આતંકવાદીઓને શોધવા પૂંછ જિલ્લાના આસપાસના વિસ્તારોને પણ ઘેરી લેવાયા છે. ઘટનાસ્થળે હાલ જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાનો કાફલો પણ ખડકી દેવાયો છે. ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં જ સેના પર થયેલા હુમલામાં ૩ જવાનો શહિદ થયા હતા.

ગત વર્ષે ૨૧ ડિસેમ્બરે આતંકવાદીઓએ પૂંછના બફલિયાજ વિસ્તારમાં સેનાના બે વાહનો પર હુમલો કર્યો હતો, જેમાં સેનાના પાંચ જવાનો શહિદ થયા હતા, જ્યારે બે જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. આતંકવાદીઓએ પહેલા ગ્રેનડ ફેંક્યા, આડેધડ ફાયરિંગ કર્યું, ત્યારબાદ જવાનોના હથિયારો પણ લઈને ભાગી ગયા હતા. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત પીપુલ્સ એન્ટી ફાસિસ્ટ ફ્રન્ટ એ લીધી હતી.

# કાલે મકરસંક્રાંતિનું પર્વઃ સોમવારે ધાર્મિક રીતે ઉજવાશે

## ઉત્તરાયણ પૂર્વે પતંગ-દોરાની ધૂમ ખરીદીઃ આકાશમાં બનશે પતંગની રંગોળી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે. આ પ્રમાણે વર્ષમાં કુલ ૧૨ સંક્રાંતિઓ થાય છે પરંતુ સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં સ્થાનાંતર કરે છે. ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે. જે ૧૪ જાન્યુઆરીની આસપાસનો સમય હોય છે. આવતીકાલે મકર સંક્રાંતિની જાહેર રજા છે. તથા તા. ૧૫મીના ધાર્મિક દ્રષ્ટિએ મકર સંક્રાંતિ ઉજવાશે. અમદાવાદમાં મકર સંક્રાંતિ પછીના બીજા દિવસે વાસી ઉતરાણ ઉજવવામાં આવે છે. ઇ.સ. ૨૦૧૬ના જાન્યુઆરી મહિનામાં ખગોળીય દ્રષ્ટિએ મકર સંક્રાંતિ ૧૪ જાન્યુઆરીના બદલે ૧૫ જાન્યુઆરીના દિવસે હતી.

આ સમયે સૂર્ય પૃથ્વી આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પરિવર્તન કરી થોડોક ઉત્તર દિશા તરફ ખસે છે, આમ, સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. લગભગ ૧૮૦૦ વર્ષ પહેલા મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એક જ સાથે થતી હતી. મકર સંક્રાંતિને શુભ સમયની શરૂઆત માનવામાં આવે છે. મકર સંક્રાંતિ બાદ લગ્ન કે શુભ કાર્યોનો પ્રારંભ થાય છે. અલગ અલગ સંસ્કૃતિઓમાં આ ઉજવણી અલગ અલગ રીતે કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા મકર સંક્રાંતિને પણ રાષ્ટ્રીય તહેવારોમાં ગણવામાં આવ્યો છે. વહેલી સવારથી પોતાના ઘરની છત અને અગાસીઓ પર ચઢીને હર્ષ અને ઉલ્લાસભેર પતંગ ઉડાડવાનો આનંદ માણે છે. આખો દિવસ 'કાપ્યો છે' લપેટ લપેટ જેવી કિકિયારીઓ સાંભળવા મળે છે. આકાશ ઈન્દ્ર ધનુષ્યની માફક રંગબેરંગી પતંગો વડે છવાય જાય છે આ દિવસે તલ સાંકળી, ચિકી લોકો ખાય છે તેમજ શેરડી તથા જીંજરા, બોર ખાવામાં આવે છે.

લોકો આખો દિવસ પોતાની પતંગ ઉડાવાની કલાનું અન્ય ઉડતી પતંગોને કાપીને પ્રદર્શન કરે છે. રાત્રે પણ આ ક્રમ આનંદભેર ચાલતો રહે છે. રાત્રે કાળા અંધારા આકાશમાં સફેદ પતંગો અથવા પતંગ સાથે બાંધીને 'ફાનસ' (કાગળનો દિવો) ઉડાડે છે. જેને અમદાવાદમાં 'તુકકલ' તરીકે ઓળખવામાં આવે છે. મકર સંક્રાંતિનો બીજો દિવસ 'વાસી ખીહર' તરીકે મનાવાય છે. આમ સતત બે દિવસ આ આનંદમય તહેવાર ઉજવવામાં આવે છે. મકર સંક્રાંતિનો દિવસ એટલે દાન-પુણ્યનો દિવસ છે. જીવદયામાં લોકો ફાળો લખવીને પુણ્ય સંચિત કરે છે. સૌરાષ્ટ્રભરમાં વિવિધ ગૌશાળા તથા પાંજરાપોળ દ્વારા રાવટીઓ ઉભી કરાય છે અને જીવદયામાં લોકો હોંશે હોંશે ફાળો નોંધાવે છે. આજે મકર સંક્રાંતિ પૂર્વે પતંગ દોરાની ચિકકાર ખરીદી બજારમાં જોવા મળશે. શેરડી, ખજુર, ચીકી પાક, જીંજરા, ઉંધીયુ, ખીચડો, જલેબી વગેરે લોકો આરોગીને પર્વની ઉજવણી કરશે.

# વસ્તીના આધારે લઘુમતીનો દરજ્જો આપવાની માંગ, જવાબ ન આપનારા રાજ્યો પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

## દેશના ૮ રાજ્યોમાં હિન્દુની ૫૦%થી પણ ઓછી વસ્તી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે રાજ્યમાં ઓછી જનસંખ્યા ધરાવતા જ્ઞાતિના લોકોને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરતી અરજી પર સુનાવણી હાથ ધરી હતી, જેમાં કોર્ટે કેન્દ્રને ડેટા ન આપનાર રાજ્યો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે તમામ રાજ્યોને ડેટા આપવા ૬ અઠવાડિયાનો સમય આપ્યો છે. કોર્ટે કહ્યું કે, જો રાજ્યો સૂચનાનું પાલન નહીં કરે તો ૧૦ હજારનો દંડ ફટકારાશે. હવે આ મામલે આગામી સુનાવણી એપ્રિલમાં હાથ ધરાશે.

ભાજપ નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી રાજ્યમાં ઓછી જનસંખ્યા ધરાવતા જ્ઞાતિના લોકોને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરી છે. તેમણે અરજીમાં કહ્યું છે કે, 'હિન્દૂ ૯ રાજ્યોમાં વસ્તી મુજબ લઘુમતી છે, પરંતુ સત્તાવાર દરજ્જો ન મળતા તેમને શૈક્ષણિક સંસ્થા ખોલવાનો અને ચલાવવાનો હક નથી. ઉપરાંત તેમણે સરકારી સહાય પણ મળતી નથી.' આ મામલે કોર્ટે સૂચના આપી હતી કે, કેન્દ્ર સરકાર રાજ્યો પાસેથી જરૂરી ડેટા મેળવી જવાબ દાખલ કરે.

કેન્દ્રએ દલીલ કરી હતી કે, 'અમને અત્યાર સુધીમાં ૨૪ રાજ્યો અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશે ડેટા આપ્યો છે, પરંતુ હજુ સુધી અરૂણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, લક્ષદ્વીપ, રાજસ્થાન અને તેલંગણાએ ડેટા આપ્યો નથી.'

સુપ્રીમ કોર્ટે ડેટા ન આપનાર રાજ્યોને ૨ અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા સૂચના આપી છે.

ભારતના ૮ રાજ્યોમાં ૫૦ ટકાથી પણ ઓછી હિન્દૂ વસ્તી હોવાથી ત્યાં તેઓ લઘુમતી શ્રેણીમાં છે. આ મામલે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી. આ રાજ્યોમાં જમ્મુ-કાશ્મીર, પંજાબ, લક્ષદ્વીપ, મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મણિપુર જેવા રાજ્યોનો સમાવેશ થાય છે.

# પાકિસ્તાને સરહદ પાસે જંગલમાં લગાવી આગ, સુરંગોમાં વિસ્ફોટ, ભારતીય સેના એલર્ટ પર

## જંગલમાં લગાવેલી આગ છેક ભારતીય સરહદ સુધી પહોંચીઃ ભારતમાં આતંકીઓ ઘૂસાડવા આગ લગાવી હોવાની આશંકા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાને જંગલમાં આગ લગાવતા છેક જમ્મુ-કાશ્મીર સુધી ખળભળાટ મચ્યો છે. પડોશી દુશ્મને સરહદ નજીક જંગલમાં આગ લગાવતા ત્યાં બિછાવેલી લેન્ડમાઈનમાં ધડાધડ બ્લાસ્ટ થઈ રહ્યા છે, જેનો અવાજ છેક જમ્મુ-કાશ્મીર સુધી સંભળાઈ રહ્યો છે. પાકિસ્તાન ઘણા દિવસોથી આવી નાપાક હરકતો કરી રહ્યું છે. તેણે જંગલમાં લગાવેલી આગ છેક એક કિલોમીટર દૂર એલઓસી સુધી પહોંચી ગઈ છે. જમ્મુ કાશ્મીરના પૂંછમાં ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા સુધી લાગેલી આગ પર કાબુ મેળવવા સેના પ્રયાસ કરી રહ્યું છે. ઉપરાંત બોર્ડર પર પણ હાઈએલર્ટ જારી કરાયું છે.

લશ્કરી સૂત્રોના જણાવ્યા મુજબ આગની ઝપેટમાં એલઓસીની આસપાસનો લગભગ એક કિલોમીટર સુધીનો વિસ્તાર આવી ગયો છે. ઉપરાંત જંગલના વન્યજીવો અને વન સંપત્તિને પણ ઘણું નુકસાન થયું છે. હાલ આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.


પાકિસ્તાનની સરહદ પાસે જંગલમાં લાગેલી આગ છેક ભારતીય સરહદ સુધી ફેલાતા ભારતીય સેના એલર્ટ પર છે. એવી આશંકા વ્યક્ત કરાઈ છે કે, દુશ્મન દેશ પાકિસ્તાન કોઈ યોજના બનાવી રહ્યું છે? પાકિસ્તાન આતંકવાદીઓને ભારતમાં ઘૂસાડવા પણ ષડયંત્ર ઘડી રહ્યો હોવાની આશંકા છે. સુરંગોમાં બ્લાસ્ટ થયા બાદ તે ખાલી થઈ જશે અને આવવા-જવાનો પણ રસ્તો સાફ થઈ જશે. આવી સ્થિતિમાં આતંકીઓ સુરંગોના રસ્તે ભારતમાં ઘૂસી શકે છે. મેંઢર વિસ્તાર પાસેની એલઓસી પર આગ પહોંચી ગઈ છે. પૂંછ જિલ્લાની સુરનકોટ તાલુકાના મુગલ રોડ પરના વાઈલ્ડ લાઈફ વિભાગના પનાડ સ્થિત કમ્પાર્ટમેન્ટ સુધી પણ આગ પહોંચી ગઈ છે. ઉપરાંત સેના દ્વારા તપાસ અભિયાન પણ શરૂ કરી દેવાયું છે. ક્ઝાઈ પર પણ દેખરેખ વધારી દેવાઈ છે.

# રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં ભૂકંપઃ જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા પદેથી અર્જુનભાઈ ખાટરિયાની હકાલપટ્ટી

## ટૂંક સમયમાં કેસરિયો ધારણ કરશેઃ પક્ષ વિરોધી પ્રવૃતિ કરતાં હોવાની ફરિયાદ બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહીલ દ્વારા રાજીનામુ માંગી લેવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા અર્જુન ખાટરિયા પાસેથી પ્રદેશ કોંગ્રેસે રાજીનામું લઈ લીધું છે. અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાશે તેવી ચર્ચા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી હતી. જોકે, અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાઇ એ પહેલા કોંગ્રેસ પાર્ટીએ તેની હકાલપટ્ટી કરી દીધી છે. સાથોસાથ અર્જુન ખાટરિયાએ આગામી સમયમાં ભાજપમાં જોડાઇ કેસરિયો ધારણ કરે તેવી જાહેરાત પણ કરી છે. અર્જુન ખાટરિયાએ જણાવ્યું હતું કે, વિકાસની રાજનીતિ, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સહિતના મુદ્દાઓને લઈ કોંગ્રેસને ખટકી રહી છે. આ મુદ્દાઓની વાતને લઈને મને પદ પરથી હટાવ્યો હોય એવું બની શકે.



તમારી પાસેથી શું કામ રાજીનામું લઈ લેવામાં આવ્યું? આ સવાલના જવાબમાં અર્જુન ખાટરિયાએ જણાવ્યું હતું કે, આમ જુઓ તો આ સવાલ કોંગ્રેસના હાઇકમાન્ડને પૂછી શકો છો, પણ કદાચ એમને ક્યાંકને ક્યાંક એવી અણસમજુ વસ્તુઓ લાગી હશે એટલે તેઓએ રાજીનામું લીધું હોય. રાજીનામું નથી માગ્યું પણ પ્રદેશ કોંગ્રેસે જ તેના લેટર દ્વારા મને જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા પદથી દૂર કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૫ વર્ષથી કોંગ્રેસને ટકાવી રાખવા મારો મહદ અંશે મારો મોટો ફાળો છે. કોંગ્રેસને ટકાવી રાખવા ખૂબ તાકાતથી જિલ્લામાં કામ કર્યું હતું. જિલ્લા પંચાયત તૂટતી હતી ત્યારે તેને ટકાવી રાખવા અમે ખૂબ મોટો સહયોગ આપ્યો હતો. કયા નેતાએ મારા પર આક્ષેપ કર્યા એ મને ખબર નથી. સમગ્ર ભારતમાં ભક્તિમય માહોલ છે, આસ્થાનું કેન્દ્ર આપણું રામ જન્મભૂમિ અયોધ્યામાં જ્યારે રામ ભગવાનની સ્થાપના થઈ રહી છે અને સાથેસાથે દેશમાં અને ગુજરાતમાં આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસરથના પૈડા આગળ ધપાવી રહ્યા છે ત્યારે ક્યાંકને ક્યાંક અમને સહભાગી થવાનો અમને મોકો મળ્યો છે. પરંતુ આ મુદ્દાઓ કોંગ્રેસને ખટકી કરી રહ્યા છે. પરંતુ હવે મોકો ઝડપી વિકાસના કાર્યમાં જોડાઈ રહ્યા છીએ.

જિલ્લા અને તાલુકામાંથી ઘણા કાર્યકરો મારી સાથે ભાજપમાં જોડાઇ શકે છે. કોંગ્રેસ પાર્ટીમાં કોઈ સાથે મારી નારાજગી નથી. મેં કોઈને નુકસાન કર્યું નથી. હંમેશા લોકઉપયોગી કામો અમે સાથે મળીને કર્યા છે, આવતા દિવસોમાં પણ કરીશું. હાઇ કમાન્ડ સાથે મારી કોઈ વાત થઈ નથી. પણ હાઇ કમાન્ડને નાની-મોટી બાબતોનો અણસાર મળ્યો હોય પછી તેઓએ શું નિર્ણય લીધો હોય તે બાબતની મને ખબર નથી. ભાજપમાં ક્યારે જોડાશો? આ સવાલના જવાબમાં ખાટરિયાએ જણાવ્યું હતું કે, ભાજપનું હાઇ કમાન્ડ અને નેતાઓ જાણ કરશે ત્યારે જોડાઈશ, આ અંગે હાલ મને જાણ નથી. ભાજપમાં નીચેના સંગઠનના આગેવાનો છે એ તમામનો સંપર્ક કર્યો હતો. આ અંગે ગઈકાલે અને આજે બેઠક કરી હતી. વિકાસના કામમાં પાર્ટી લોકસભામાં જે કાંઈ જવાબદારી આપશે એના માટેના પૂરા પ્રયાસો કરીશું.લોકસભાની ચૂંટણી પહેલા જ ભાજપ મોટું ઓપરેશન કરી મુખ્ય વિપક્ષ કોંગ્રેસને વધુ નબળી પાડવા માગે છે. ટૂંક સમયમાં જ પંચાયત, સંગઠન અને સહકારી ક્ષેત્રને સ્પર્શતું ચિત્ર સ્પષ્ટ થઈ જવાની ધારણા છે. કોંગ્રેસના મોટા માથા સહિત સંખ્યાબંધ કાર્યકરોને ખેડવી ભાજપ જિલ્લા પંચાયતને સંપૂર્ણ અથવા મહદઅંશે કોંગ્રેસમુક્ત કરવા પ્રયાસ કરી રહ્યો છે.

# ઉત્તરાયણ પર્વને લઈ ચીકી, જીંજરા, શેરડી અને બોરનું ધૂમ વેચાણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવતીકાલે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્તરાયણ પર્વ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવશે. જેને લઈ રાજકોટીયનોમાં ગજબનો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. સદર બજારમાં પતંગ દોરીના વેચાણમાં ઉછાળો આવ્યો છે. સાથે સાથે લીલાછમ જીંજરા, શિયાળાનું વસાણુ ગણાતી ચીકી શેરડી અને બોરનું પણ ધુમ વેચાણ બજારોમાં થઈ રહ્યું છે. આ વર્ષે ગત વર્ષની તુલનામાં તમામ ચીજવસ્તુના ભાવોમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. તેમ છતાં પણ મોંઘવારી ભુલી લોકો પતંગ પર્વની મોજ માણવા આતુર છે.

## મોરબીઃ છેતરપીંડીના ગુન્હામાં પાંચ વર્ષથી ફરાર આરોપીને અંજારથી દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)પોલીસ સ્ટેશનના છેતરપીંડીના ગુન્હામાં છેલ્લા ૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા કચ્છ જીલ્લાના અંજાર ખાતેથી ઝડપી લઇ હસ્તગત કરી



આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે માળીયા(મી) પોલીસ મથકમાં સોંપી આપ્યો છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓએ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે સુચના આપતા જે અન્વયે મોરબી એલ.સી.બી તથા પેરોલ ફર્લો સ્કવોડ નાસતા ફરતા આરોપીને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના ઇંઇ જયેશભાઇ વાઘેલા તથા ડ્ઈ વિક્રમભાઇ રાઠોડ બ્રિજેશભાઇ કાસુન્દ્રાને ખાનગી રાહે હકિકત મળેલ કે, માળીયા મીયાણા પોસ્ટેના આઇ.પી.સી.કલમ- ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હામાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી પ્રકાશ ઉર્ફે પપ્પુ ઠમકરારામ બિશ્નોઇ(રાજસ્થાન) હાલ કચ્છ જિલ્લાના અંજાર ખાતે હોવાની હકીકત મળતા ઉપરોકત સ્ટાફની ટીમ બનાવી અંજાર ખાતે જઇ તપાસ કરતા આરોપી પ્રકાશ ઉર્ફે પપ્પુ ઠમકરારામ બિશ્નોઇ ઉ.વ.૪૨ રહે. ડેડવા તા.સાંચોર જી.જાલોર (રાજસ્થાન) વાળો શિવ લોજીસ્ટ મેઘપર બોરીચી ખાતેથી મળી આવતા તેને પકડી હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે માળીયા મીયાણા પોલીસ સ્ટેશનને સોપી આપવામાં આવ્યો હતો.

### જામનગરના સેવાભાવી ખ્યાતનામ ડો.નંદિની આનંદનો આજે જન્મદિવસ



જામનગરમાં કોરોના ની કપરી પરિસ્થિતિમાં ૨૪ કલાક દિનરાત નિસ્વાર્થભાવે દર્દીની સેવા કરતા એવા જામનગરના સેવાભાવી ડો.નંદિની આનંદનો આજરોજ જન્મદિવસ છે.ડો.નંદિની આનંદ.પોતાના જીવન સફર ના ૫૦ વર્ષ પુરા કરી અને ૫૧ માં વર્ષ માં મંગલ પ્રવેશ કરી રહ્યા છે અને જામનગરમાં છેલ્લા ૨૨ વર્ષ થી પ્રેક્ટિસ કરી અને દર્દીના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે તેમને પરિવાર માંથી પરિવાર ના સંસ્કાર મળ્યા છે.વિશેષ સેવાઓ આપી રહ્યાં છે આમ ડો.નંદિની આનંદ જામનગરમાં વિવિધ સામાજિક અને સેવાકીય કાર્યો માં અગ્રેસર રહી અને નિમિત બની રહ્યા છે જેના થકી ખૂબ મોટી નામના પ્રાપ્ત કરી છે ત્યારે ડો.નંદિની આનંદને.આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના શુભેચ્છકો સોસીયલ મીડિયા ના માધ્યમ થી અને રૂબરૂ મળી શુભેચ્છાઓ નો વરસાદ વરસાવી રહ્યા છે.

## મોરબીમાં જુદી જુદી ત્રણ જગ્યાએ આગ લાગવાની તેમજ પાણીમાં ડૂબવાની ઘટના સામે આવતા તંત્ર કામે લાગ્યુ

### મોરબીમાં આગની અલગ અલગ ત્રણ ઘટના બની અને પાણીમાં ડૂબી ગયેલ વ્યકિતને શોધવા ફાયર એન્ડ ઈમરજન્સીની ટીમે જહેમત ઉઠાવી

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મોરબી ફાયર બ્રિગેડની ટીમે સતત ૧૪ કલાકની જહેમત બાદ પાણીમાં ડૂબી ગયેલ વ્યક્તિનો મૃતદેહ શોધી કાઢી આગની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં આગ બુઝાવી હતી.



મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસના જવાનોએ ઘૂંટું નજીક પસાર થતી મોટી કેનાલમાં ડૂબી ગયેલ કચ્છ ભુજના વતની ડ્રાઈવર શકુરબસલ રાયસી ઉ.૨૨નો મૃતદેહને ૧૪ કલાકની શોધખોળને અંતે કેનાલમાંથી બહાર કાઢ્યો હતો.

જ્યારે બપોરે સાડા ચારેક વાગ્યાના અરસામાં અનુપમ સોસાયટી નજરબાગ રેલવે સ્ટેશન રોડ ઉપર ઈલેક્ટ્રીક લાઇટનાં ટીસીમાંથી તણખા ઝરતા કચરામા આગ લાગતા આગ બુઝાવી હતી. જ્યારે ત્રીજી ઘટનાનમાં રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં સામાકાંઠે માળિયા ફાટકથી આગળ ઉમિયા હોટલની પાછળ મામદભાઈ આદમભાઈ મોવરનાં કવાટર્સમા આગ લાગતા એક રૂમનો સામાન બળીને ખાખ થઈ ગઈલ બીજા રૂમનો સામાન ફાયર ટીમએ સહીસલામત બચાવેલ સાથે એક ગેસનો બાટલો બહાર કાઢેલ અને આશરે ૨૮૦૦૦ના કિંમતના ૨ મોબાઈલ અને વોલેટ આગનાં સમયે જ બહાર કાઢી લીડિંગ ફાયરમેન જયેશ ડાકી અને ફાયર સ્ટાફએ માલિકને સોંપેલ હતા. આ ઉપરાંત રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં વાવડીરોડ પર સ્વસ્તિક સોસાયટીમાં વાડામાં પડેલ GJ-01- DN- 7503 નંબરના બાઈકમાં આગ લાગતાં ત્યાં બાજુમાં જ ગેસના બાટલા સ્ટોર કરેલ મળી આવતા ફાયર ટીમની સમય સુચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

## ફસહષવિફસશ કારખાના યુનીટના પરપ્રાંતિય કર્મચારીઓ અને મજૂરોની વિગતો પોલીસ સ્ટેશનને આપવાની રહેશે

### મકાન ભાડે આપનારે પણ પરપ્રાંતિય ભાડુઆતની વિગતો આપવાની રહેશે

**મુખ્ય સમાચાર, મોરબી**

ખેત શ્રમીક/ભાગીયા તથા ઘરઘાટી અંગેની માહિતી સંબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૫ માં આપવાની રહેશે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એસ.જે.ખાચર દ્વારા મોરબી જિલ્લામાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગ, ખેતી તથા ફેકટરીઓમાં તેમજ વેપાર ધંધામાં મજૂર કે ભાગીયા તરીકે કામ કરતા પરપ્રાંતીય કારીગરોની વિગતો સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે.

જાહેરનામા અનુસાર તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ફેકટરી ઉદ્યોગો



વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓને કારીગરો/શ્રમિકોની માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનમાં આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યાના ૧૫ દિવસમાં આપવાની રહેશે. કામે રાખેલ કર્મચારી/કારીગર/શ્રમિક/ખેત શ્રમીક/ભાગીયા/ઘરઘાટી/ચોકીદાર તથા મકાન ભાડે રાખનાર પરપ્રાંતીય વ્યક્તિના ઓળખકાર્ડ/ચુંટણીકાર્ડ/ડ્રાઇવીંગ લાઇસન્સનો પુરાવો, મુળ ક્યાંના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા હથિયાર ધરાવતા હોય તો તે સહિતની વિગતો નિયત પત્રકમાં તૈયાર કરીને આપવાની રહેશે. આ ઉપરાંત અન્ય રાજ્યો/દેશમાંથી આવેલા વ્યક્તિને મકાન ભાડા પેટે આપવામાં આવે ત્યારે મકાન માલીકનું નામ, રહેઠાણનું સરનામું, જે મકાન ભાડે આપેલ હોય તે મકાનનું નામ, સરનામું, ભાડે આપ્યાની તારીખ વગેરે વિગતો સહિતનું નિયત નમૂનાનું ફોર્મ ભરી સંબંધીત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

આ ઉપરાંત મોરબી જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જળવાઈ રહે તે માટે શ્રમિકો/કારીગરોની માહિતી સાચી અને સરળતાથી મળી રહે તે સારૂ http://apps.apple.com/us/app/morbi-assured/id1557232449 વાળી લીંક પર અથવા એન્ડ્રોઈડ ફોન http://play.google.com./store/apps/details?id=com.morbieye લીંક પરથી ઈન્સ્ટોલ કરવાની રહેશે. કારખાનેદાર/ફેકટરીના માલીકોએ તેમજ કામ કરતા જે તે માલીકોએ મજુરોનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, આ જાહેરનામાનો અમલ તા.૧૦/૦૩/૨૦૨૪ સુધી કરવાનો રહેશે.

## સાવધાની અને સુરક્ષા સાથે ઉજવીએ ઉત્તરાયણનું પર્વ

### જામનગર જિલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા લોકોને સાવચેતીના પગલા લેવા જરૂરી સૂચનો કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેક્ટર કચેરી દ્વારા જામનગરની જનતાને મકરસક્રાંતિ પર્વની હાર્દિક શુભકામનાઓ સાથે.લોકો આ પર્વ સાવધાની અને સુરક્ષિત રીતે ઉજવે તે પ્રકારે અપીલ કરવામાં આવી છે. સાથે જ આ પર્વમાં સાવચેતીના ભાગરૂપે કેવા કેવા પગલાં લઈ શકાય, શું કરવું અને શુ ના કરવું તે અંગે જરૂરી સૂચનો બહાર પાડવામાં આવ્યા છે. આટલું કરો

પ્રાથમિક સારવારની કિટ તૈયાર રાખો, પશુઓ અને વાહનોથી સાવચેત



રહો,પતંગ ચગાવવાના ધાબાની પાળીની ઉંચાઈ પુરતી છે કે કેમ? તેની ખાત્રી કરો, માથા ઉપરથી પસાર થતા વિજળીના.તારથી દુર રહો, ધાબાની અગાશી કરતાં ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવાનું પસંદ કરો, પતંગ ચગાવતા બાળકોના વાલીઓ તેમની દેખરેખ રાખે.ત્રણ ''સ'' યાદ રાખીએ સમજદારી, સદ્ભાવ અને સાવચેતી.આટલું ના કરો.


સિન્થેટીક વસ્તુઓ અને પ્લાસ્ટીકના ઉપયોગથી બનાવેલી તીક્ષ્ણ દોરી કે જે ચાઈનીઝ દોરી તરીકે ઓળખાય છે તેનો ઉપયોગ પતંગ ચગાવવામાં ન કરો. આ દોરીથી પક્ષીઓ ઘાયલ થાય છે, લોકોને તેના ઘાવની અસર તહેવારની ઉજવણી બાદ પણ લાંબા સમય સુધી રહે છે, વિજળીના તારમાં ફસાયેલા અને સબસ્ટેશનમાં પડેલા પતંગને પાછો.મેળવવાની લાલચમાં પડશો નહી, લૂઝ કપડા ન પહેરવા, માથે ટોપી પહેરવી, ગીચ રહેણાંક વિસ્તારોમાં પતંગ ચગાવવા નહી, ઢાળવાળી મકાનની છત હોય તેવા મકાનો ઉપરથી પતંગ ચગાવવો નહી, પતંગ કપાઈ જાય તો મકાનોની છત ઉપરથી પતંગ લેવા દોડવું નહી, થાંભલામાં કે મકાનમાં ફસાયેલા પતંગને પાછો મેળવવા પથ્થર ફેંકવા નહી.જામનગર જીલ્લામાં ઉત્તરાયણના પર્વ દરમિયાન કોઈપણ જગ્યા એ કોઈ પણ દુર્ઘટના બને તો ઇમરજન્સીના સમયમાં જામનગર.જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ હેઠળના ટોલ ફ્રી નંબર ઉઊઘઈ ૦૨૮૮-૨૫૫૩૪૦૪, ઈમરજન્સી ૧૦૮, કરૂણા અભિયાન-૧૯૬૨ નો તાત્કાલિક સંપર્ક કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ઉડે આભમાં જ્યારે પતંગો તમારી, સંભાળજો એ આભમાં છે સવારી અમારી

### ઉત્તરાયણના તહેવારમાં ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી વન વિભાગ દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયં સેવકોના સહકારથી કરુણા અભિયાન-૨૦૨૪ અંતર્ગત પક્ષીની સારવાર અને બચાવ કામગીરીનું આયોજન.જામનગર, આપણે સૌ ઉત્તરાયણનો તહેવાર સમગ્ર ગુજરાતમાં હર્ષોલ્લાસ થી દર વર્ષે ઉજવીએ છીએ. પતંગ ઉડાડવાની મજા માણતા ઘણી વખત પતંગની દોરીથી પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય છે કે મૃત્યુ પામે છે આ અબોલ અને નિર્દોષ પક્ષીઓના જીવ અમૂલ્ય છે તેથી તેમને બચાવવા એ આપણી નૈતિક ફરજ છે આ માટે રાજ્ય સરકાર દ્વારા ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી સમગ્ર રાજ્યમાં કરૂણા અભિયાન ૨૦૨૪ ની શરૂઆત કરાઈ છે. જે અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ જામનગર દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકોના સાથ સહકારથી ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર અને બચાવવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે વન વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં વિવિધ સ્થળોએ હેલ્પલાઇન નંબરો જાહેર કર્યા છે. જે



હેલ્પલાઇન મારફત ઘાયલ પક્ષીની જાણકારી આપી તેનો જીવ બચાવવા અને આ કરૂણા અભિયાનમાં સહભાગી થવા સૌ નાગરિકોને વિનંતી કરવામાં આવી છે.

**ઉતરાયણ દરમિયાન આટલું કરીએ**

ફક્ત ઉતરાયણના દિવસે પતંગ ચગાવીએ.વૃક્ષો ઇલેક્ટ્રીક લાઈન અને ટેલીફોન લાઇનથી દૂર પતંગ ચગાવીએ.ઘાયલ પક્ષીને જોતાં તરત જ નિકટના સારવાર કેન્દ્રનો સંપર્ક કરીએ.ઘાયલ પક્ષીની આંખને કપડાંથી ઢાંકી હવાની અવર-જવર થઈ શકે તેવા પાત્રમાં બનતી ત્વરાએ સારવાર કેન્દ્ર સુધી પહોંચાડીએ. છત પર કે આજુબાજુના વૃક્ષો પર ફસાયેલી દોરીઓનો નિકાલ કરીયે.ઉત્તરાયણ દરમિયાન આટલું ન કરી કરૂણા અભિયાનમાં જોડાઈએ. સવારે ૯ વાગ્યા પહેલા કે સાંજના ૫ વાગ્યા પછી પતંગ ન ચગાવીએ, ક્યારેય પણ તુકલ કે ફુગ્ગા ન ચગાવીએ, ચાઈનીઝ, સિન્થેટિક કે કાચ પાયેલી દોરીનો પતંગ ચગાવવામાં ઉપયોગ ન કરીએ, ઘાયલ પક્ષીની સારવાર જાતે ન કરતા યોગ્ય સારવાર સ્થળ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરીએ.

પક્ષીની ત્વરિત સારવાર થાય તે માટે રાજ્ય સરકારના એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર ૧૯૬૨ પર કોલ કરી કે વન વિભાગના હેલ્પલાઈન ૮૩૨૦૦૦૨૦૦૦ પર વોટ્સપમાં ઊંફીક્ષિફ લખી વિગતવાર માહિતી મળી શકશે. જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે ઉભા કરાયેલ સારવાર કેન્દ્રોના સરનામાં તથા સંપર્ક નંબરો.જામનગર શહેર માટે સાંઈધામ બર્ડ હાઉસ, નવાગામ ઘેડ-૭૯૮૪૪ ૦૨૫૦૦, ૭૮૭૮૫ ૫૫૫૪૮ લાખોટા નેચર કલબ ડી.કે.વી. કોલેજ પાસે ૭૫૭૪૮ ૪૦૧૯૯, ૯૦૩૩૫ ૫૦૩૪૧, કુદરત ગ્રુપ રેલવે સ્ટેશન પાસે ગાંધીનગર ૯૨૨૮૮૭૭૯૧૧, શિવદયા ટ્રસ્ટ લાલપુર ચોકડી પાસે ૯૮૭૯૯ ૯૯૫૬૭, નિસર્ગ નેચર કલબ ગોકુલ નગર જકાતનાકા પાસે ૮૩૨૦૮ ૫૦૩૭૧, ૮૨૦૦૭૯૭૬૫૬, ૯૦૩૩૫ ૫૦૩૪૧ જીવ સેવા ફાઉન્ડેશન સાત રસ્તા સર્કલ ૭૨૦૩૦ ૩૦૨૦૮, ૯૬૩૮૭૬૮૪૯૮, ૯૯૦૪૯ ૪૯૩૨૮ પર સંપર્ક થઈ શકશે. જામનગર તાલુકા માટે રેન્જ ફોરેસ્ટ ઓફીસરની કચેરી, ગંજીવાડા, નાગનાથ ગેટ પાસે, ૭૯૮૪૩૬૦૩૦૦, ૯૦૯૯૩ ૨૪૭૪૨, ૮૨૦૦ ૭૫૬૧૧૮, ૮૭૮૦૨ ૧૬૯૨૪, ૭૫૬૭૬ ૯૪૦૮, જામનગર અર્બન વાઇલ્ડલાઇફ ઇન્ફર્મરી પ્રાથમિક સારવાર કેન્દ્ર, ઠેબા ૭૯૮૪૩ ૬૦૩૦૦, પક્ષી અભયારણ્ય ખીજડીયા ૯૪૦૮૫૭ ૮૮૨૨, ૯૪૨૭૨૨૭૨૩૮ સંપર્ક કરી શકશે. જોડીયા તાલુકા માટે રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી તાલુકા પંચાયતની બાજુમાં ૮૮૪૯૩૨૧૮૯૪, ૭૮૫૯૯ ૦૨૭૨૫, ૭૨૮૪૯૩૬૪૬૧ સંપર્ક કરી શકાશે. ધ્રોલ તાલુકા માટે આર.એફ.ઓ. ની કચેરી, નોર્મલ રેન્જ, રાજકોટ જામનગર હાઇવે ૯૯૨૫૪ ૩૯૭૭૦, ૯૭૨૭૯ ૩૨૩૦૫, સામાજિક વનીકરણ રેન્જ, જોડીયા રોડ, ૯૨૬૫૫ ૫૭૮૨૯, ૯૮૯૮૩ ૨૭૩૦૬ પર સંપર્ક કરી શકાશે.જામજોધપુર તાલુકા માટે આર.એફ.ઓ. ની કચેરી, નોર્મલ રેન્જ તથા સામાજિક વનીકરણ રેન્જ ૯૭૭૩૨ ૩૪૫૮૬, ૯૫૫૮૦૨૪૩૭૩, ૭૬૯૮૧ ૮૧૫૧૧ પર સંપર્ક કરી શકાશે.લાલપુર તાલુકા માટે આર.એફ.ઓ. ની કચેરી, લાલપુર બસ સ્ટેન્ડ પાછળ ૬૩૫૪૬૮૩૨૦૬, ૮૩૪૭૭ ૦૧૪૭૭, ૯૨૬૫૨ ૯૦૬૦૧, ૯૭૬૯૩૫૧૧૧૧ પર સંપર્ક કરી શકાશે.કાલાવડ તાલુકા માટે આર.એફ.ઓ. ની કચેરી, ગંજીવાડા, નદીના સામે કાંઠે ૯૪૨૯૫૧૯૪૯૨, ૯૦૩૩૦૭૭૯૫૨ પર સંપર્ક કરી શકાશે.સિક્કા ગામ માટે આર.એફ.ઓ. ની કચેરી, મરીન નેશનલ પાર્ક ૯૪૨૬૬૭૩૦૬૦ પર સંપર્ક કરી ઘાયલ પક્ષીઓની મદદે આવવા વન વિભાગ દ્વારા અપીલ કરાઈ છે.

### સર્વાઈકલ કેન્સર અવેરનેસ મંથ

## સિક્કા ખાતે ગર્ભાશયના મુખના કેન્સર માટે જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. ગર્ભાશયના મુખનું કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સર ભારતીય સ્ત્રીઓમાં કેન્સરથી થતા મૃત્યુમાં બીજા નંબરે છે. જાન્યુઆરી મહિનાને ગર્ભાશયના મુખના કેન્સરના મહિના તરીકે ઉજવવામાં આવે છે જે અનુસંધાને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ જામનગરના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્ય અંતર્ગત રિલાયન્સ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર અને પીએસએમ વિભાગ, એમપી શાહ ગવર્મેન્ટ મેડિકલ કોલેજ, જામનગરના સંયુક્ત ઉપક્રમે સિક્કા ખાતે સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખના કેન્સર માટે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત ગર્ભાશયના મુખના



લક્ષણોની તપાસ, તેના સામાન્ય લક્ષણો અને ઉપલબ્ધ સારવાર તથા તેનાથી બચાવ માટે ઉપલબ્ધ વેક્સિન વિશેની વિસ્તૃત સમજ તેમજ ગર્ભાશયના મુખના કેન્સર વિશેની સમાજમાં પ્રવર્તતી શંકા કુશંકાઓ અને માન્યતાઓ, ગેર માન્યતાઓ અંગે વિગતવાર માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. આ તબક્કે સિક્કા માંથી મોટી સંખ્યામાં જાગૃત મહિલાઓ, શિક્ષિકાઓ, આંગણવાડી કાર્યકર, આશા વર્કર તથા આરોગ્ય વર્કરે હાજર રહી વિસ્તૃત માહિતી મેળવી હતી.આ જાગૃતિ અભિયાનમાં ડો.દિશા શાહ , ડો.મોનિકા પટેલ ડો.નિધિ ત્રિવેદી અને ડો.અંજલી દવેએ યોગદાન આપ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં પૂ.ભાઈશ્રીની સપ્તાહના ભવ્ય આયોજન માટે તડામાર તૈયારીઓનો પ્રારંભ

## સાંસદ રામભાઈ મોકરીયા પરિવાર દ્વારા આયોજિત પૂ.રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહ રેસકોર્સ મેદાનમાં તા. ૧૭થી ૨૪ જાન્યુઆરી સુધી યોજાશેઃ કથા સ્થાને સવા લાખ સ્કવેર ફૂટનો વિશાળ જર્મન ડોમ તૈયાર કરાયો, રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે શાસ્ત્રીમેદનમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન ૨૭ યુગલો પ્રભુતામાં પગલા પાડશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મારુતિ કુરીયરનાં ચેરમેન અને સાંસદ રામભાઈ મોકરીયા યજમાન પરિવાર દ્વારા આયોજિત સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) ની ભાગવત સપ્તાહની ભવ્ય તૈયારીઓનો પ્રારંભ થયો છે. આગામી તા. ૧૭ થી ૨૪ જાન્યુઆરી સુધી સંપૂર્ણ રેસકોર્સ ગ્રાઉન્ડ બૂક કરવામાં આવેલ છે. યજમાન મોકરીયા પરીવાર દ્વારા આયોજિત થયેલ આ ભાગવત કથા એક આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ આપવાનું વિશેષ આયોજન છે.આ આયોજન પરંપરાગત અને આધુનિક તાલીમો દ્વારા રચાયેલ છે અને આમ જનતાને પરંપરાગત ભાગવત કથાનો આનંદ અપાવશે.

રાજકોટમાં રેસકોર્સના આંગણે ૧૭ તારીખથી આરંભ થઇ રહેલ આ ઉત્સવ સ્વરૂપ કથાનું રસપાન કરવાનો અમુલ્ય લાભ વધુને વધુ વૈષ્ણવ ભક્તો લે અને ૨૫૦૦૦ લોકો બેસીને કથા શ્રવણ કરી શકે તે માટે આશરે સવા લાખ સ્કવેર ફૂટ નો વિશાળ જર્મન ડોમ (કથા મંડપ) બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પરમ પૂજ્ય ભાઈ શ્રી ની વ્યાસપીઠનું સંપૂર્ણ સ્ટેજ ડેકોરેશન મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામને કેન્દ્રમાં રાખીં કરાતુ હોય શ્રી રામમંદિરનું અદભુત આબેહુબ ૩ઉ મોડેલ તૈયાર કરવામાં આવશે, જે સમગ્ર કથા મંડપનું કેન્દ્ર બની રહેશે અને હજારો ભક્તોને પૂ. ભાઈશ્રીની કથામૃત ભાગવત વાણીનો લાભ મળશે.

શ્રીમદ ભાગવત સપ્તાહ રસામૃત મહોત્સવમાં શહેર, જીલ્લાના ભક્તો સહીત વિદેશી ભક્તો પણ ઉપસ્થિત રહેશે અને વૈષ્ણવજનો મોટી સંખ્યામાં શ્રીમદ ભાગવત કથાનું રસપાન કરીને ભાવ વિભોર બનશે. પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ની આ મધુર વાણીનો લાભ લેવા સંતો, મહંતો, મહાનુભાવો, શ્રેષ્ઠીઓ તેમજ અનેક આમંત્રિત સરકારી અધિકારીઓ પણ સામેલ થશે. આ ભગવદ કથાનો આયોજન સમગ્ર સમુદાય માટે એક સાંસ્કૃતિક અને આત્મિક પ્રયાસ છે.

મહેમાનો તેમ જ વૈષ્ણવ ભક્તોને શાંતિથી અને આનંદદાયક રીતે કથાનો અમુલ્ય લહાવો મળી રહે અને ભાઈશ્રી ની અમ્રુત વાણી નું રસપાન કરી શકે તે માટે અલગ અલગ ખંડ ની અલાયદી એવી બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે. સપ્તાહની બેઠક વ્યવસ્થાના ધાર્મિક પરિસરને વધુ રસમય બનાવવા વિવિધ ધાર્મિક ખંડોને દશરથ ખંડ, અયોધ્યા ખંડ, પંચનાથ ખંડ,વૃંદાવન ખંડ, સોમનાથ ખંડ, દ્વારકા ખંડ, યશોદા ખંડ, શિવ ખંડ, કૃષ્ણ ખંડ વગેરે જેવા નામ આપી વિભાજીત કરવામાં આવેલ છે તેમ જ વૈષ્ણવ ભક્તોને કોઈ પણ જાતની અગવડતા ન પડે તે રીતે કથા મંડપ માં પ્રવેશવા માટેના અલગ અલગ એવા આશરે ૯ જેટલા પ્રવેશ દ્વાર બનાવવામાં આવશે.

રેસકોર્સ ગ્રાઉન્ડ ના વિશાળ પરિસરમાં અતિ વિશાળ એવું ૬૦x૪૦ નું રમણીય સ્ટેજ બનાવવામાં આવશે જેના પર એક અમુલ્ય સ્વરૂપ લહાવો કહી શકાય એવી કથા શ્રવણ કરાવતી આશીર્વાદ રૂપ વ્યાશપીઠ બિરાજમાન થશે તેમ જ ભક્તિરસ પીરસવા સંગીતકાર, સાજીંદા અને ગાયક કલાકારો માટે પણ અલગ એવી સ્ટેજ ની વ્યવસ્થાનું આયોજન કરેલ છે. આ સ્ટેજ અને કથા મંડપને વધુને વધુ રસમય બનાવવા ભગવાન ના ફોટા, મૂર્તિઓ, ફૂલો અને વિવિધ પ્રકારની લાઈટીંગ થી તેમ જ ફૂલ ઝાડ ના કુંડા ઓથી શણગારવામાં આવશે.

આ અદભુત કાર્યને પાર પાડવા વિવિધ કમીટીઓ ની રચના કરીને શ્રેષ્ઠ વ્યવસ્થા કથા સ્થળે ગોઠવાઈ છે. જેમાં મંડપ અને સ્ટેજ ડેકોરેશનની કામગીરી માટેની કમિટીમાં પુષ્કરભાઈ પટેલ, અશોકભાઈ લુણાગરીયા, ભવ્યભાઈ પારેખ, દીપકભાઈ સાપરિયા, પીયુશભાઇ કડિયા, અશોકભાઈ કુનાગરીયા ઉપરાંત અન્ય સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યકરોની સખત મહેનતને કારણે આ વિશાળ આયોજન સફળતા પૂર્વક આગળ વધી રહ્યુ છે.

ભાઈ રમેશભાઈ ઓઝાની અલૌકિક કથાનો રસપાન કરતા વૈષ્ણવ ભક્તો ની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા ગાદલા,તકિયા,ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરેલ છે તેમ જ વૈષ્ણવ ભક્તો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો વીડિયો સિસ્ટમ ની ગોઠવણી કરવામાં આવશે આ ઉપરાંત કથા મંડપમાં દૂર બેસેલા ભક્તો પણ પૂજ્ય ભાઈના સન્મુખ દર્શન કરી શકે અને શ્રોતાઓને કથા શ્રવણ નો સંપૂર્ણ લાભ મળી રહે તે માટે કથા મંડપ વચ્ચે ૮ જેટલી એલ.ઈ.ડી. સ્ક્રીન પણ લગાવામાં આવશે.

સંપૂર્ણ ભાગવત સપ્તાહના આ જાજરમાન આયોજન ને વધુને વધુ રસમય બનાવવા તેમ જ વૈષ્ણવ ભક્તો પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાની અમૃત વાણીનો લહાવો આનંદથી માણી શકે તે માટે મોકરિયા યજમાન પરિવાર દ્વારા અદ્યતન એવી ૨૫,૦૦૦ વોલ્ટની સાઉન્ડ સિસ્ટમ લગાવવામાં આવશે. જેથી કરીને દુર બેસેલા શ્રોતા ઓ પણ સારી રીતે ભાઈશ્રીની અમૃત વાણીનું રસપાન કરી શકે અને આ આશીર્વાદરૂપ સપ્તાહ નો અનેરો આનંદ માણી શકે.

કથા મંડપને લાગુ પૂજા નો રૂમ પણ બનાવવા આવશે જેમાં પૂ.ભાઈ રમેશભાઈ ઓઝા કથા શરુ થાય તે પહેલા પૂજન અર્ચન કરશે અને પ્રભુ સાનિધ્યમાં કથા મંડપના પરિસરને વધુ પવિત્ર બનાવશે.

મોકરીયા પરિવાર આયોજિત આ અમુલ્ય સ્વરૂપ સપ્તાહના અવસરમાં દિવ્યાંગ લોકો પણ કથા શ્રવણનો અનેરો આનંદ લઇ શકે અને તેમને કોઈ પણ જાતની અવગડતા ન પડે તે માટે તેમના આવવા-જવાની તેમ જ કથા શ્રવણ માટેની પણ અલાયદી એવી ગોઠવણ કરવામાં આવશે અને તેમની પ્રાથમિક જરૂરીયાતને ધ્યાન માં લઇ તે પ્રમાણે પ્રત્યેક વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત બહેનો અને ભાઈ ઓ માટે પણ અલગ અલગ ખંડ ફાળવવામાં આવશે. બહેનો માટે અલગ પ્રસાદઘરની પણ ગોઠવણ કરેલ છે જેમાં પીરસવાનું તેમ જ દરેક સંપૂર્ણ સંચાલન બહેનો દ્વારા જ કરવામાં આવશે.

શ્રીમદ ભાગવત સપ્તાહનું આ આયોજન શિયાળાની ઋતુમાં થઈ રહ્યું છે તેમ છતા આશરે ૨૫,૦૦૦ જેટલી મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો કથા શ્રવણ માટે ભેગા થવાના હોવાથી તેમને કોઈ પણ જાતની અગવડતા ન પડે તે હેતુથી યજમાન પરિવાર દ્વારા પંખા અને કુલરની ગોઠવણ પણ કરવામાં આવેલ છે. જેથી જરૂરિયાત લાગે તો ઉપયોગમાં લઇ શકાય.

આ સિવાય વૈષ્ણવ ભક્તો ની પ્રાથમિક જરૂરિયાત જેવી કે ચા તથા પીવાના પાણી માટેની વ્યવસ્થા પણ જરૂરિયાત મુજબ ના પોઈન્ટ બનાવી કરવામાં આવશે તેમજ શ્રોતાઓ ની સંખ્યાને ધ્યાનમાં લઇ રેસકોર્સ સંકુલમાં બાથરૂમ ટોયલેટની વ્યવસ્થા નિર્માણ કરવામાં આવશે અને સ્વચ્છતા ત્યાં પ્રભુતાને અનુસરીને પરિસરમાં સંપૂર્ણ ચોખાઈ રહે તે રીતે સફાઈની કામગીરી પર પુરતું ધ્યાન અપાશે.આ સપ્તાહ શ્રવણનો અનેરો લહાવો લેવા માટેના પાસ પંચનાથ મંદિર, લીમડા ચોક ખાતે વિનામૂલ્યે મળી રહેશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

**બોક્સભાગવત કથાની સાથે સાથે ૨૭ યુગલોનાં સમુહ લગ્નોત્સવ યોજાશે**

શ્રીમદ ભાગવત સપ્તાહનો લહાવો અને લગ્નોત્સવ એ જીવન ના અનોખા અવસર છે એવું કહેવાય છે ત્યારે રામભાઈ મોકરીયા યજમાન પરિવાર દ્વારા ભાગવત સપ્તાહની સાથોસાથ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.સપ્તાહમાં સેવાના અનેક પ્રકલ્પ થવાના છે જેવા કે બ્લડ ડોનેશન કેમ્પ, આરોગ્ય કેમ્પ, નેત્રદાન કેમ્પ. એવી જ રીતે શ્રી રામભાઈ મોકરીયા યજમાન પરિવાર દ્વારા સેવાના પ્રકલ્પ રૂપે તા. ૧૭ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન શ્રીમદ ભાગવત સપ્તાહ રેસકોર્સ મેદાનમાં અને આ સપ્તાહ અંતર્ગત જ તા.૨૩ જાન્યુઆરી ના રોજ શાસ્ત્રી મેદાન ખાતે શાનદાર સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.ભાગવત કથાની પાવન સફરમાં રૂક્ષ્મણી વિવાહની સાથોસાથ આ સમૂહ લગ્નોત્સવ મહત્વનો મુકામ બની રહેશે અને કથાની દિવ્યતાને વધુ મહિમાવંત બનાવશે.

# નામચીન બુટલેગર અલ્તાફ છ આંગણીએ ફરી લખણ ઝળકાવ્યા

## આજી ડેમ પાસે વેપારી સામે બંદુક તાકી ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલો કુખ્યાત બુટલેગરે આજીડેમ પાસેના અનમોલ પાર્કમાં ઈંડાના વેપારી સામે બંદુક તાકી ફાયરીંગ કરવાની કોશીષ કરતા આજીડેમ પોલીસે તપાસ કરતા બીજી પત્નિના ઘેર આવેલા શખસને મોડી રાત્રે વેપારીના ભાઈએ ઘરમાં જવાનુ કહેતા વેપારી પાસે આવી બંધુક તાકી ટ્રીંગર દબાવતા કોઈ કારણોસર નહી ફુટતા વેપારી નાસી જઈ મકાનમાં ધુસી ગયા હતા અને ત્યાર બાદ ફરીયાદ કરતા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ અનમોલ પાર્કમાં રહેતા સની ઉર્ફે ઉન્નતભાઈ દિલાવરભાઈ ચૌહાણ એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે કુખ્યાત બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ ખેયમનુ નામ આપ્યુ હતુ ફરીયાદ માં જણાવ્યુ હતુ કે તેના ભાઈ સાથે ઈંડાનો હોલસેલ વેપાર કરતા હોય અને પિતા ફાયર બ્રિગેડમાં નોકરી કરતા હોવાનુ જણાવ્યુ હતુ સનીભાઈએ વધુમાં જણાવ્યુ હતુ કે તેના ઘર પાસે અલ્તાફ ઉર્ફે છ આંગળી તેની બીજી પત્નિ તેના બાળકો સાથે રહેતા હોય અવાર-નવાર ઘેર આવતો હોય તા.૧૧ના રોજ રાત્રીના તેના ઘર પાસે ગાડી લઈને ઉભો હતો ત્યારે તેનો મોટો ભાઈ આર્યનએ અલ્તાફને કહેલ કે કાકા હવે ઘરમાં જતા રહો કહી તેના ઘેર ચાલ્યો ગયો હતો ત્યાર બાદ ફરીયાદી તેના મિત્રો જુબેર,રહીલ, નવાઝ સાથે ઉભો હતો તે દરમ્યાન અલ્તાફ ધસી આવી તેના હાથમાં બંદુક હોય મારી સામે તાકી ટ્રીંગર દબાવ્યુ હતુ પરંતુ નહી ફુટતા ફરીયાદી નાસી જઈ તેના ઘરમાં ધુસી ગયો હતો અને અલ્તાફને તેના મિત્ર જુબેરએ પકડીને ત્યાથી લઈ ગયા હતા ત્યાર બાદ તેને રાતભર ડર લાગ્યો હોય સવારે તેના સગ્ગાના ઘેર ચાલ્યો ગયો હતો અને ત્યાથી તેના પરીવાર જનો આવતા તેને ફરીયાદ કરી હોવાનુ જણાવતા પી.આઈ.ચાવડા સહીતે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી.

# રાજકોટ અને જેતપુરમાં ચાઈનીઝ દોરીથી વધુ બે યુવાનના ગળા કપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોઠારિયા રોડ ઉપર અને જેતપુરમાં સામા કાંઠા વિસ્તારમાં બે યુવકોને ચાઈનીઝ દોરીથી ગળામાં ગંભીર ઈજા થતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે.





આ અંગેની માહિતી મુજબ રાજકોટના ભાવનગર રોડ ઉપર આજી ડેમ ચોકડી નજીક માંડાડુંગરમાં રહેતા સોકતભાઈ પાયક નામનો ૪૦ વર્ષીય યુવાન સાંજે સાડા પાંચ વાગ્યા આસમાસ કોઠારિયા રોડ ઉપરથી પસાર થતો હતો ત્યારે અચાનક ચાઈ નીઝ દોરી ગળામાં ફસાઈ જતા ગળું ચિરાઈ ગયું હતું અને ગંભીર ઈજા થતા લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા બનાવની જાણ થતા કોઠારિયા લોકેશનની ૧૦૮ની ટીમ દોડી ગઈ હતી અને યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડયો હતો જયારે જેતપુરના ભાદર સામા કાંઠા વિસ્તારમાં રહેતો નદીમ મીર ઉ.૨૦ નામનો યુવાન સાંજે જતો હતો ત્યારે ગળામાં ચાઇનીઝ દોરી અટવાઈ જતા ગળામાં ચેકા પડી જતા લોહીની ધારો થઈ હતી. તાત્કાલિક તેને સારવાર માટે દવાખાને ખસેડાતા તેનો બચાવ થયો છે.


## અવસાન નોંધ

ગીતાબેન ચંદુલાલ સૂચક ઉં.વર્ષ ૭૧. રાજકોટ તે ચંદુલાલ અમૃતલાલ સૂચક (બાલાભાઈ ) ના ધર્મ પત્ની તથા કેતનભાઈ સૂચક તથાં જીજ્ઞાબેન જીગરકુમાર અનડકટ ના માતુશ્રી તથા સ્વ. હરગોવિંદભાઈ ભીમજીભાઈ વસાણી (સાવરકુંડલા વાળા ) ના પુત્રી નું તારીખ ૧૨.૦૧.૨૦૨૪ શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમણુ બેસણું તથા પિયર પક્ષ ની સાદડી તારીખ ૧૫.૦૧.૨૦૨૪ સોમવાર સાંજે ૪ થી ૬ કલાકે વીરમેશ્વર મહાદેવ મંદિર, રવિ રેસીડિન્સી,સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ,ધર્મનગર મેઈનરોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# જેતપુરમાં રસ્તા બનાવવાની કામગીરીમાં હલકો માલ ઉપયોગમાં લેવાતા સ્થાનિકોએ કામગીરી બંધ કરાવી

**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**





**જેતપુર:** જેતપુર શહેરના કણકિયા પ્લોટ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા રોડ બનાવવામાં આવી રહ્યો છે. તેમાં હયાત રોડ ખોદી તેમજ તૂટેલ પાણીની પાઇપ લાઇન રીપેરીંગની કામગીરી કર્યા બાદ રોડ બનાવવાને બદલે કોન્ટ્રાકટર દ્વારા સીધો રોડ બનાવવા લાગવા ઉપરાંત હલકી ગુણવતાનું મટીરીયલ્સ વાપરતા હોય સ્થાનિકોએ રોડની કામગીરી બંધ કરાવી હતી.


રાજ્ય સરકાર દ્વારા સારા રોડ રસ્તા, ભૂગર્ભ ગટર, લાઈટ, પાણી તેમજ સફાઈ બાબતે એ ગ્રેડની જેતપુર નગરપાલિકાને વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે. પરંતુ આ ગ્રાન્ટનો સદઉપયોગ થવાને બદલે અધિકારીઓ આ કામમાં મારુ શું થશે ? તેવી નીતિને કારણે શહેરમાં એક પણ રોડ એવો નથી કે જેને અધિકારીઓ ઉત્તમ કામગીરીના નમૂના રૂપે રજૂ કરી શકે. રોડ ઉપરાંત ભૂગર્ભ ગટર, સફાઈ કે સ્ટ્રીટ લાઈટના કામને પણ સારી કામગીરીના ઉદાહરણ રૂપે રજૂ કરી શકે તેવી જેતપુર નગરપાલિકાની કામગીરી નથી.

શહેરીજનને સિમેન્ટ રોડ તેમજ ભૂગર્ભ ગટરની સારી સુવિધા આપવાની રાજ્ય સરકારના પંદરમાં નાણાં પંચની ગ્રાન્ટમાંથી રૂપિયા ૮૦,૬૪,૬૭૪ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જેમાં રાજકોટની રાહી કન્સ્ટ્રકશન કંપનીને રૂપિયા ૯૩,૫૫,૧૪૯ એટલે કે ૧૬ ટકા ઉંચા ભાવનું જેતપુર નગરપાલિકા દ્વારા ટેન્ડર મંજુર કરવામાં આવ્યું. આ ટેન્ડર અન્વયે કણકીયા પ્લોટ વિસ્તારમાં સિમેન્ટ રોડનું કામ કરવામાં આવી રહ્યું હતું. પરંતુ આ કામમાં કોન્ટ્રાકટર દ્વારા જુના રોડને ખોદીને નવો રોડ બનાવવાને બદલે હયાત સિમેન્ટ રોડ પર જ રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દીધી. જેને કારણે આ રોડ પરની ઘણી દુકાનો અત્યારે પણ હયાત રોડની લેવલની છે અને તેના પર જ રોડ બનાવવા લાગતા તે દુકાનો રોડ કરતા પણ નીચા લેવલની થઈ જશે જેને કારણે વરસાદી છાંટા પડે તો પણ રોડનું તમામ પાણી દુકાનોમાં ઘુસી જાય.

ઉપરાંત રોડનું કામ ચાલે છે ત્યાં નગરપાલિકાની પાણીની પાઇપ લાઇન તૂટેલ છે તેનું પાણી દરરોજ રોડ પર વહે છે તે લાઇન રીપેરીંગ કરવાનું સ્થાનિકોએ કોન્ટ્રાકટરને કીધું તો અમારામાં તે ન આવે તેવો ઉડાઉ જવાબ આપીને રોડનું કામ આજ સવારે શરૂ કરતા સ્થાનિકો દ્વારા રોડનું કામ બંધ કરાવ્યું હતું. અને સ્થાનિકોએ રોડની ગુણવતા બાબતે પણ આક્ષેપ કરેલ કે સિમેન્ટ રોડ ઇંચનો બનાવવાને બદલે ચાર ઇંચનો બનાવવામાં આવી રહ્યો છે અને તેમાં રેતી તો ધૂળ હોય તેટલી હદે નબળી વાપરવામાં આવે છે અને સિમેન્ટ પણ માત્ર નામની જ વાપરે છે જેથી આ રોડ બન્યા સાથે જ તૂટી જશે અને ફરી ખાડાયુક્ત રોડ બની જશે.

# જેતપુરમાંથી ચાઈનીઝ દોરીની ૭૨ ફીરકી પકડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ઉત્તરાયણમાં પતંગ ચગાવવા માટે વપરાતી ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છે. છતાં તેનું વેચાણ થતું હોવાના બનાવો સામે આવતા રહે છે ત્યારે જેતપુર પોલીસ શરૂઆતથી આ અંગે ચેકીંગ કરતી આવી છે.

ગઈકાલે જેતપુર સિટી પીઆઈ પીઆઈ એ. એમ. હેરમાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.સી. પરમાર, હેડ કોન્સ્ટેબલ રાણાભાઈ વકાતર, ધવલભાઈ ગાજીપરા, કોન્સ્ટેબલ મનદીપસિંહ જાડેજા, રઘુભાઈ ત્રકતા, અમિતભાઇ સિદ્ધપરા, સપનાબેન ગળચર વગેરે ચેકીંગની કામગીરીમાં હતા

ત્યારે બાતમી મળેલી કે, મોટા ચોક સાત ગલીમાં રહેતો અને નૈમિષ ઉર્ફે ગોવિંદ નંદલાલભાઈ વસાણી(ઉ.વ.૩૩) પોતાની શ્રીનાથજી પ્રોવિઝન નામની દુકાનમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરે છે. સ્થળ પર તપાસ કરતા આરોપીની દુકાનમાંથી રૂ.૧૦,૮૦૦ની કિંમતની ૭૨ ફીરકી મળી આવી હતી. જેથી ગુનો નોંધી અટકાયત કરાઈ હતી.

# શ્રમિકોને રૂા.૧.૪૦ કરોડ પગાર ન ચુકવી શકતા અમુલ ઈન્ડસ્ટ્રીઝને સીલ કરાઈ

## આગામી દિવસોમાં પગાર નહિ ચુકવાય તો હરરાજી કરી કર્મચારીને નાણાં ચુકવાશેઃ મામલતદાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રાજકોટમાં વિવાદોમાં રહેલી અમૂલ ઇન્ડસ્ટ્રીઝને શુક્રવારે પૂર્વ મામલતદાર દ્વારા સીલ મારી દેવામાં આવી હતી. કામદારોને છેલ્લા ૧૪ માસથી રૂા. ૧.૪૦ કરોડનો પગાર ન ચૂકવી શકતા કલેકટરની સૂચનાથી અમૂલ ઈન્ડસ્ટ્રીઝને મામલતદાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

છેલ્લા કેટલાક સમયથી કામદારોને પગાર ન ચૂકવાતો હોવાને લઈને અમૂલ ઈન્ડસ્ટ્રીઝ ચર્ચામાં રહી છે. એક વર્ષથી વધુ સમય થયા છતાં પગાર ન મળતા ઈન્ડસ્ટ્રીઝના ૪ જેટલા કર્મચારીઓએ આપઘાત પણ કરી લીધો છે અનેકવાર કર્મચારીઓએ ધરણાં સહિતના કાર્યક્રમો પણ આપ્યા છે. પગાર ન મળતા કર્મચારીઓએ લેબર કોર્ટમાં દાદ માગી હતી.

જેને લઈને લેબર કોર્ટ દ્વારા પગાર ચૂકવવા ઈન્ડસ્ટ્રીઝના માલિકોને હુકમ કર્યો હતો તેમ છતાં પગાર ચૂકવાયો નહતો. ત્યારબાદ કલેકટર દ્વારા રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ અંતર્ગત (આરસીસી) અમૂલ ઈન્ડસ્ટ્રીઝને સીલ મારવામાં આવ્યું હતું.

મામલતદાર (રાજકોટ શહેર પૂર્વ) એસ. જે. ચાવડાએ જણાવ્યું હતું કે, લેબર કોર્ટની સૂચના અને જિલ્લા કલેકટરના આદેશ મુજબ અમૂલ ઈન્ડસ્ટ્રીઝને સીલ મારવામાં આવ્યું છે. એમણે કહ્યું હતું કે, આ ઇન્ડસ્ટ્રીઝમાં ૪૦૦થી ૪૫૦ કામદારોના પગારનો પ્રશ્ન છે. જેને લઈને લેબર કોર્ટના હુકમ અને કલેકટરની સૂચના જબ કાર્યવાહી કરવામાં આવી છે. જે આગામી દિવસોમાં ઈન્ડસ્ટ્રીઝના માલિકો કામદારોને પગાર ચૂકવશે નહિ તો કલેકટર હુકમ કરશે ત્યારે અમૂલ ઈન્ડસ્ટ્રીઝની હરાજી કરવામાં આવશે અને કામદારોના પગાર ચૂકવવામાં આવશે.

મહત્વનું છે કે, અમૂલ ઈન્ડસ્ટ્રીઝને કામદારોને પગાર પેટે રૂા. ૧.૪૦ કરોડ ચુકવવાના બાકી છે. ત્યારે આ પગાર ન ચૂકવી શકતા ઈન્ડસ્ટ્રીઝની અંદાજે રૂા. ૫૦ કરોડની મિલકત સીલ કરવામાં આવી છે.

# ચોટીલાની યુવતીએ હડમતીયાના શખ્સના ત્રાસથી કંટાળી કર્યો આપઘાત

## યુવતીના ભાઈ ઉપર પણ હુમલો કરતાં બે અલગ અલગ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**






રાજકોટ ચોટીલાનાં ચીરોડા(ભા) ગામે યુવતીના ભાઈ ઉપર હુમલો કર્યા બાદ યુવતીએ વિછીયાનાં મોટા હડમતિયા ગામનાં યુવાનનાં ત્રાસ થી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ મૃતકના પરિવારજનો અને અગ્રણીઓ પોલીસ મથકે ધસી આવી આરોપીને પકડી કડક પગલા લેવાની માંગ કરી હતી. આ ઘટનામાં પોલીસે બે અલગ અલગ ફરિયાદ નોંધી છે.

ચોટીલાના ચીરોડા(ભા) ગામે ધાર્મિક જગ્યાએ ભંડારો અને ભજનનો કાર્યક્રમ હોવાથી ચીરોડા ભાદર ગામનાં રતાભાઈ ખાવડુનો પુત્ર જયસુખ અને પુત્રી સહિતનાં પરિવારજનો ત્યાં ગયા હતા. રાત્રીનાં દશેક વાગ્યાના અરસામાં લાઈટ જતી રહેલ જયસુખની બેન લઘુશંકા કરવા ગઈ હોય જેને પાછી આવવામાં વાર લાગતા ભાઈ જયસુખ તપાસ કરવા ગયો ત્યારે મોટા હડમતિયા ગામનો રોનક ભરતભાઈ પરમાર તેની બેન નો હાથ પકડી ઉભેલો હોય જે દ્રશ્ય જયસુખ જોઈ જતા ભરત અને તેની સાથે અન્ય બે અજાણ્યા શખ્સોએ જયસુખભાઈ ઉપર હુમલો કર્યો હતો. જેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો છે.

બીજી તરફ યુવતીએ પોતના ઘરે ઝેરી દવા પી લીધી હતી અને પરિવારને જણાવ્યું કે હડમતિયા વાળો કરણ પરમાર હેરાન કરતો હોવાની વાત કરી હતી યુવતીનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે પોલીસે કાર્યવાહી કરી હતી.

# જામનગર જિલ્લા પંચાયત ખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિષય આધારિત વર્કશોપનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લામાં સર્વત્ર સ્વચ્છતાની કામગીરી નિયમિતપણે થતી રહે અને કચરાનો યોગ્યપણે નિકાલ કરવામાં આવે તે માટે વિવિધ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જામનગર જિલ્લા પંચાયત ભવનમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ- પ્રિવેન્શન એન્ડ મિનિમાઈઝેશન ઓફ પ્લાસ્ટિક વેસ્ટ આ વિષય આધારિત એક દિવસીય જિલ્લા કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ ફિઝીયોથેરેપી કોલેજ-જામનગર અને ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ના સહયોગથી આયોજિત આ વર્કશોપમાં રાજયકક્ષાના નિષ્ણાંતો હાજર રહ્યા હતા અને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ વિષય પર ઉપસ્થિત સર્વેને સવિસ્તાર માહિતી આપી હતી. આ પ્રકારના આયોજનો થકી જિલ્લાના છેવાડાના વિસ્તાર સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન અને અન્ય લોકકલ્યાણના કાર્યક્રમોને વેગ મળશે.કાર્યક્રમની શરૂઆત જામનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ.એમ.કાથડ દ્વારા દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

આ વર્કશોપમાં ડીસ્ટ્રીકટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર વિજય ગોસ્વામી, જામનગર જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ.યોજના સાથે સંકળાયેલા પદાધિકારીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલ શખ્સની પાસા તળે અટક કરી ભાવનગર જેલ હવાલે કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબીમાં દેશી-વિદેશી દારૂ તથા અસામાજિક પ્રવૃત્તિ અંકુશમાં રાખવા મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા ગુન્હાહિત ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરનાર સામે પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ પાસે મોકલતા પ્રોહીબીશનના ગુનાઓમાં સંડોવાયેલ મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં રહેતા ઈસમ વિરુદ્ધ પાસા વોરંટ ઇસ્યુ થતા મોરબી એલસીબી પોલીસ દ્વારા આરોપીની અટક કરી પાસા હેઠળ ડીટેઇન કરી ભાવનગર જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી એલસીબી પીઆઇ ડી.એમ.ઢોલ દ્વારા મોરબી જીલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલતા મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રોહિબીશનના દેશીદારૂના ગુનાઓમાં સંડોવાયેલ અલીભાઇ મામદભાઇ પલેજા ઉવ.૩૧ રહે.કાલીકા પ્લોટ, શેરી નં.-૦૩નું પાસા વોરંટ ઇશ્યુ કરેલ હતું. ઇસ્યુ થયેલ વોરંટની તાત્કાલિક બજવણી કરવા મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા અલગ અલગ ટીમ બનાવી આરોપી અલીભાઇ મામદભાઇ પલેજાને ઝડપી લઇ પાસા એકટ તળે ડીટેઇન કરી ભાવનગર જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ઉના નજીક નાંદણ ગામે બાવા સેલાનીશાહ પીર બાપુના દરગાહના ઉર્ષ શરીફની શાનદાર ઉજવણી કરાશે

## હિન્દુ-મુસ્લિમ ભાઈઓને પધારવા આમંત્રણ પાઠવાયું

**મુખ્ય સમાચાર, ઊના**



ઊના નજીક આવેલ નાંદણ ગામે સેલાનીશાહ પીર બાપુનુ ઉર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવશે જેમાં ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવશે જેમાં પહેલા દિવસે ખત્મે કાદરીયા શરીફ જે શનિવાર રાતના ૧૦ વાગે વાગે રાખવામાં આવશે જ્યારે બીજો કાર્યક્રમ રવિવારના દિવસે રાત્રે નાત શરીફનો પ્રોગ્રામ જ્યારે ત્રીજા દિવસે જુલુસ અને ચાદર શરીફ નો કાર્યક્રમ અને ન્યાઝનો પણ કાર્યક્રમ રાખવામાં આવશે જેમાં સર્વે હિન્દુ મુસ્લિમ ભાઈઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે તેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો આવશે અને બાપુની દરગાહ અને લોકો દર્શના આવશે આ કાર્યક્રમ સંપૂર્ણ પૂર્ણ કરવામાં આવશે.

